| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Sandesh** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **13/04/2022** |
| **PAGE :** | **1** |

# EDIIમાં ૧લી મેથી બાળકો અને યુવાનો માટે 'સમર કેમ્પ' શરૂ થશે

**સિટી લાઈફ :** યુવાનો અને બાળકોમાં ઉદ્યોગસાહસિકતાની કુશળતાઓના વિકાસનો પાયો નાખવાના ઉદ્દેશથી આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા દરવર્ષે ઉનાળુ વેકેશનમાં નેશનલ સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે બાળકો માટે ઉદ્યોગસાહસિકતાને વેગ આપવા પરના ૩૮ અને ૩૯માં સમર કેમ્પનું સંસ્થાના કેમ્પસમાં ૧થી ૬ મે અને ૨૨મેથી ૨૭ મે વચ્ચે યોજાશે. દેશભરમાંથી આ કેમ્પ્સ દ્વારા ૧,૬૬૯ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. આ કેમ્પમાં ૧૬થી ૨૨ વર્ષની વયજૂથના યુવાનો ભાગ લઈ શકે છે. યુવાનો તેમની અંદર છુપાયેલી સંભવિતતાને મેળવે છે તથા જોખમ લેવાની, રચનાત્મક વિચારસરણી વિકસાવંવાની, સંઘર્ષમાં સફળતા મેળવવાની, અસરકાર રીતે સંચાર કરવાની, ટીમ વર્ક અને પોતાની લાગણીઓને નિયંત્રણમાં રાખવા જેવા ઉદ્યોગસાહસિકતાના ગુણો મેળવીને પડકારોને ઝીલવાની ક્ષમતાઓ વિકસાવે છે. ચાલુ વર્ષે સંસ્થાએ આ પ્રકારના બે કેમ્પ એટલે કે ૪૧મા અને ૪૨મા સમર કેમ્પ ઓન આંત્રપ્રિન્યોરિયલ એડવેન્ચર્સ ફોર યૂથની જાહેરાત કરી છે, જે ઈડીઆઈઆઈના કેમ્પસમાં ૯થી ૧૮ મે સુધી યોજાશે.